પ્રશ્નોત્તરી- ૨૩

# 13

## દાહોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

***15/4/1129 શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી** (દાહોદ): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) |

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૩૮૦ |
| ૨૦૨૩-૨૪ | ૨૧૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે? | (૨) |

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૫૪૧.૫૩ |
| ૨૦૨૩-૨૪ | ૧૮૭.૫૬ |

----------------------

## અગ્રતા ક્રમાંક.૧૩

કનૈયાલાલ કિશોરી (દાહોદ)

**પ્રશ્ન**

**દાહોદ તાલુકામાં ૨૦૨૨-૨૩ તથા ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કયાં કયાં ગામોમાં કેટલા વિસ્તારમાં કેટલા રોપાનું વાવેતર કર્યું.**

**જવાબ**

- **દાહોદ તાલુકામાં વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૧૦ ગામોનાં ૩૮૦ હેક્ટર વિસ્તારમાં કુલ ૪ લાખ ૨૨ હજાર રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.**
- **દાહોદ તાલુકામાં વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૮ ગામોનાં ૨૧૦ હેક્ટર વિસ્તારમાં કુલ ૨ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.**

| વર્ષ | ગામનુંનામ | વિસ્તાર | વાવેલ રોપાની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૨૨-૨૩ | ખરોદા | ૬૩ હેક્ટર | ૭૦ હજાર |
| | રવાળીખેડા | ૧૭ હેક્ટર | ૧૯ હજાર |
| | સાલાપાડા | ૩૫ હેક્ટર | ૩૯ હજાર |
| | તરવાડીયા હિંમત | ૩૦ હેક્ટર | ૩૩ હજાર |
| | ઉચવાણીયા | ૮૫ હેક્ટર | ૯૪ હજાર |
| | કોટડા | ૧૦૦ હેક્ટર | ૧ લાખ ૧૧ હજાર |
| | ચંદવાણા | ૨૫ હેક્ટર | ૨૮ હજાર |
| | બોરવાણી | ૧૦ હેક્ટર | ૧૧ હજાર |
| | ઉકરડી | ૧૦ હેક્ટર | ૧૧ હજાર |
| | સાકરદા | ૫ હેક્ટર | ૬ હજાર |
| | **કુલ--** | **૩૮૦ હેક્ટર** | **૪ લાખ ૨૨ હજાર** |

(૧) પાછળ

| વર્ષ | ગામનુંનામ | વિસ્તાર (હે.) | વાવેલ રોપાની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૨૩-૨૪ | ખરોદા | ૩૫ હેક્ટર | ૩૯ હજાર |
| | જુનાપાણી | ૩૦ હેક્ટર | ૩૩ હજાર |
| | રાછરડા | ૧૦ હેક્ટર | ૧૧ હજાર |
| | ઉચવાણીયા | ૧૦ હેક્ટર | ૧૧ હજાર |
| | સાલાપાડા | ૨૦ હેક્ટર | ૯ હજાર |
| | નવાગામ | ૮૦ હેક્ટર | ૬૯ હજાર |
| | નગરાળા | ૧૦ હેક્ટર | ૧૧ હજાર |
| | બાવકા | ૧૫ હેક્ટર | ૧૭ હજાર |
| | **કુલ** | **૨૧૦ હેક્ટર** | **૨ લાખ** |

- **આમ, દાહોદ તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં કુલ ૧૮ ગામોનાં ૫૯૦ હેક્ટર વિસ્તારમાં કુલ ૬ લાખ ૨૨ હજાર રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.**

૨

## અગ્રતા ક્રમાંક.૧૩

મહેશભાઈ ભુરિયા (ઝાલોદ)

**પ્રશ્ન**

**દાહોદ તાલુકામાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કરાયેલ વાવેતરમાં કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે, અને મજદૂરોને કેટલું ચૂકવણું કરવામાં આવેલ છે તેની ગામની સંખ્યા સાથેની માહિતી શું છે?**

**જવાબ**

## વર્ષ ૨૦૨૨-૨૩

| તાલુકાનું નામ | ગામની સંખ્યા | ઉત્પન્ન થયેલ માનવદિન | મજદૂરોને કરવામાં આવેલ ચૂકવણું | ગામનુંનામ |
|---|---|---|---|---|
| દાહોદ | ૧૦ | ૯૨ હજાર માનવદિન | ૩૨૩ લાખ ૨૦ હજાર | ખરોદા, રવાળીખેડા, સાલાપાડા, તરવાડીયાહિંમત, ઉચવાણીયા, કોટડા, ચંદવાણા, બોરવાણી, ઉકરડી, સાકરદા |

## વર્ષ ૨૦૨૩-૨૪

| તાલુકાનું નામ | ગામની સંખ્યા | ઉત્પન્ન થયેલ માનવદિન | મજદૂરોને કરવામાં આવેલ ચૂકવણું | ગામનુંનામ |
|---|---|---|---|---|
| દાહોદ | ૮ | ૨૬ હજાર માનવદિન | ૧૧૪ લાખ ૬૬ હજાર | ખરોદા, જુનાપાણી, રાછરડા, ઉચવાણીયા, સાલાપાડા, નવાગામ, નગરાળા, બાવકા |

## અગ્રતાક્રમાંક.૧૩

શૈલેષભાઈ ભાભોર (લીમખેડા)

**પ્રશ્ન –** **સહભાગી વન વ્યવસ્થાનો શું આશય છે અને તે માટે સરકારશ્રી દ્વારા શું વ્યવસ્થા ગોઠવેલી છે. તેમજ દાહોદ તાલુકાના કેટલા ગામોમાં કેટલા વિસ્તારમાં અમલમાં છે?**

**જવાબ –**

- સહભાગી વન વ્યવસ્થાનો મુખ્ય હેતુ પાંખા થયેલા વન વિસ્તારોને પુન: નિર્માણ, સંરક્ષણ અને વિકાસ તથા વહીવટમાં ગ્રામ સમુદાય / સ્વૈચ્છિક સંગઠનોનો સહયોગ મેળવવાનો છે.
- ઉપરાંત વન વિસ્તારની જમીનમાં વૃક્ષો અને અન્ય વનસ્પતિનું વાવેતર કરી ઘાસ, બળતણ અને નાનું ઈમારતી લાકડું અને અન્ય વન પેદાશોનું ઉત્પાદન કરી જંગલ વિસ્તારની નજીક રહેતા, ગ્રામ સમુદાયની જરૂરતો પહોંચી વળવાનો મુખ્ય હેતુ છે.
- સહભાગી વન વ્યવસ્થા હેઠળ જોડાયેલા સભ્યોને પાંખા થયેલ વન વિસ્તાર માંથી ઘાસ લઈ જવાનો અધિકાર રહે છે.
- ઉપરાંત, કટબેકની કામગીરી કરવામાં આવે ત્યારે તેમાંથી નીકળતું બળતણ ગામ સમિતિના સભ્યોને વિના મૂલ્યે, સરખે હિસ્સે આપવામાં આવે છે.
- પાંખા થયેલા વન વિસ્તારમાંથી પાકા વૃક્ષો કાપવામાં આવે ત્યારે વન ઉત્પન્ન માંથી ગામ સમિતિ અને સરકાર વચ્ચે ચોખ્ખી આવકમાંથી **૫૦ ટકા**ના ધોરણે લાભની વહેંચણી થાય છે.
- જ્યારે ગીચ વન વિસ્તારોમાં અનુક્રમે **૨૦** અને **૮૦ ટકા**ના ધોરણે લાભની વહેંચણી થાય છે.
- વીડી વિસ્તારમાંથી ઘાસનાં કુલ ઉત્પાદનનાં **૨૦ ટકા** ઘાસ સહભાગી વન વ્યવસ્થા સમિતિનાં સભાસદોને વાઢી લઈ જવાં દેવામાં આવે છે.
- **સહભાગી વન વ્યવસ્થા દાહોદ તાલુકામાં કુલ ૩૩ ગામોમાં ૪૦૫૬.૬૨ હેક્ટર વિસ્તારમાં અમલમાં છે.**

# અગ્રતાક્રમાંક.૧૩

# પૂરક નોંધ

## દાહોદ તાલુકામાં વનીકરણ માટે ગ્રાન્ટની વિગત

દાહોદ તાલુકાના વનીકરણમાં છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકાર તરફથી કુલ રૂા.૭૨૯.૦૯ લાખની ગ્રાન્ટ મળેલ છે. જેની સામે રૂા. ૭૨૯.૦૯ લાખ જેટલો ખર્ચ થયેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

### રાજ્ય સરકારની ગ્રાન્ટ

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૨૨-૨૩ | ૫૪૧ લાખ ૫૩ હજાર | ૫૪૧ લાખ ૫૩ હજાર |
| ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ) | ૧૮૭ લાખ ૫૬ હજાર | ૧૮૭ લાખ ૫૬ હજાર |
| **કુલ--** | **૭૨૯ લાખ ૯ હજાર** | **૭૨૯ લાખ ૯ હજાર** |

# દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલો વન વિસ્તાર આવેલ છે?

**જવાબ**

**દાહોદ  જિલ્લામાં તાલુકાવાર વન વિસ્તારની વિગત નીચે મુજબ છે**

| **તાલુકો** | **વન વિસ્તાર (ચો. કિ.મી.)** |
|---|---|
| બારીયા | ૧૪૪.૮૬ |
| ધાનપુર | ૧૨૭.૭૭ |
| દાહોદ | ૧૨૩.૬૪ |
| ઝાલોદ | ૯૪.૬૪ |
| ફતેપુરા | ૪૦.૬૬ |
| સંજેલી | ૬૧.૦૦ |
| ગરબાડા | ૪૪.૨૩ |
| સીંગવડ | ૬૯.૮૩ |
| લીમખેડા | ૧૦૮.૭૪ |
| **કુલ** | **૮૧૫.૩૭ ચો.કી.મી.** |

## મોનીટરીંગની કામગીરીમાં કઈ કામગીરીનું મોનીટરીંગ કરવામાં આવે છે?

મોનીટરીંગની કામગીરીમાં આગોતરા કામો નર્સરી, ચાલુ વર્ષના તેમજ જુના વાવેતરો ઉપરાંત બાંધકામની કામગીરી, એન્ટ્રી પોઇન્ટ એકટીવીટી તેમજ હાઇટેક નર્સરી જેવી તમામ પ્રકારની કામગીરીનું મોનીટરીંગ રાજય તેમજ વર્તુળ કક્ષાએથી કરવામાં આવે છે.